/

કોર્ટ સમક્ષની ભરતી/બઢતી પ્રક્રિયા
સબંધિત સુનાવણીના કેસોમાં
સમયસર કાર્યવાહી કરવા બાબત

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
પરિપત્ર ક્રમાંક: પીઆરઆર/૧૦૨૦૧૪/૪૦/ખ
સચિવાલય, ગાંધીનગર
તા:- ૧૮/03/૨૦૧૪

<u>વંચાણે લીધા:-</u>

(૧) કાયદા વિભાગ ના તા. ૦૬/૧૦/૨૦૦૦ ના પરિપત્ર ક્રમાંક:- પરચ/૧૦૨૦૦૧/વીઆઈપી/૧૩૭/હ

(૨) પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ ના તા. ૧૯/૧૨/૨૦૧૩ ના પરિપત્ર ક્રમાંક:- વકમ/૧૦૨૦૧૩/૪૪૨/ખ

<u>પરિપત્ર:-</u>

આમુખમાં વંચાણે લીધેલ કાયદા વિભાગના તેમજ આ વિભાગના પરિપત્રોથી સચિવાલયના સર્વે વિભાગોને અને રાજયમાં આવેલ તમામ કચેરીઓને તેમજ પંચાયત વિભાગ હેઠળની સર્વે કચેરીઓ સરકાર વિરૂધ્ધ નામદાર કોર્ટમાં ચાલતા કેસોમાં સમયસર કાર્યવાહી હાથ ધરવા સૂચનાઓ/માર્ગદર્શન આપવામાં આવેલ છે. આમ છતાં વિભાગના ધ્યાન ઉપર આવેલ છે કે, જુદા જુદા સંવર્ગોમાં હાથ ધરાતી ભરતી/બઢતી પ્રકિયા સબંધિત કેસોમાં નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ચાલતા ઘણાં કેસોમાં સુનાવણી વખતે સરકાર પક્ષેથી બચાવની કામગીરી માટે તાલુકા પંચાયતો/જીલ્લા પંચાયતોના જવાબદાર અધિકારીશ્રી/કર્મચારીઓ હાજર રહેતા નથી. અથવા તો નામદાર કોર્ટ સમક્ષ સરકાર પક્ષે યોગ્ય રીતે બચાવ થઈ શકે તે અન્વયે જરૂરી કાર્યવાહી સમય મર્યાદામાં કરવામાં આવતી નથી. જેના કારણે નામ.કોર્ટમાં ચુકાદાઓ અરજદારોની તરફેણમાં આપવામાં આવે છે જેના કારણે સરકારના હિતોને નુકશાન થાય છે.

વધુમાં, સામાન્ય રીતે નામદાર કોર્ટ દ્વારા પ્રથમ પક્ષકાર તરીકે સચિવશ્રી/અગ્ર સચિવશ્રી પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને રાખવામાં આવે છે. જ્યારે અન્ય પક્ષકાર તરીકે સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી/જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ, ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડને રાખવામાં આવે છે. પરંતુ ભરતી/બઢતી પ્રક્રિયાના કેસોમાં કેસની વિગતો જોતાં સામાન્ય સંજોગોમાં સરકાર પક્ષે નિર્ણય કરવાનો હોતો નથી કે સરકાર પક્ષે કોઈ માહિતી પૂરી પાડવાની રહેતી નથી, પરંતુ જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ/ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા સરકાર

પક્ષે બચાવના હેતુસર જરૂરી કાર્યવાહી કરવાની રહેતી હોય છે. આથી. નામદાર ગુજરાત હાઈકોર્ટમાં, જિલ્લા કોર્ટોમાં, રાજયની તમામ અદાલતોમાં ચાલતા ખાસ કરીને ભરતી/બઢતી પ્રક્રિયા સંબંધિત કોર્ટ કેસોમાં રાજયના તમામ જીલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિઓ, સચિવશ્રી ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ અને કેસ સાથે સંકળાયેલ અધિકારીશ્રી/કર્મચારીઓને નીચે સૂચવ્યા મુજબની કાર્યવાહી સમય મર્યાદામાં અચૂક કરવા સૂચના આપવામાં આવે છે.

(૧) જીલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ/ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડના તથા સંબંધિત જિલ્લા પંચાયતના જવાબદાર અધિકારીએ તેમને સબંધિત કોર્ટ કેસને લગતી નોટિસ કોર્ટ તરફથી મળે કે તાત્કાલિક રેકર્ડ આધારિત પેરાવાઈઝ રીમાર્કસ તૈયાર કરી સંબંધિત ફાઈલ અને દસ્તાવેજ પુરાવા, અદ્યતન હુકમો/પરિપત્રો સાથે સરકારી વકીલ/પેનલ ઉપરના વકીલને મોકલી આપવા.

(૨) સંબંધિત સરકારી વકીલ/પેનલ ઉપરના વકીલને આવા પેરાવાઈઝ રિમાર્કસ અને આધારો ઉપલબ્ધ કર્યા બાદ સરકારી વકીલ/પેનલ પરના વકીલ પાસેથી તાત્કાલિક એફિડેવિટ ઈન રીપ્લાય સમયસર જે તે અધિકારીએ મેળવીને કેસને સંબંધિત જવાબદાર અધિકારીશ્રીએ એફિડેવિટ કરી, સહી સિક્કા સાથે સરકારી વકીલને/પેનલ પરના વકીલને મોકલી આપવી, સરકારી વકીલ/પેનલ પરના વકીલ દ્વારા આ એફિડેવિટ જીલ્લાની કોર્ટ/મજૂર અદાલત/નામદાર હાઈકોર્ટમાં તાત્કાલિક રજૂ થાય તે માટે સબંધિત અધિકારી એ કાળજી લેવાની રહે છે. આ એફિડેવીટ તાત્કાલિક અથવા જે તે કેસમાં નિયત કરેલ સમય મર્યાદા પહેલાં જે તે કોર્ટ સમક્ષ રજુ થઈ જાય તે જોવાની જવાબદારી સબંધિત જીલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ/ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડના અધિકારીની રહેશે.

(૩) કોર્ટમાં ચાલતા કેસ દરમિયાન જે તે કચેરીના જવાબદાર અધિકારીએ/કર્મચારીએ સરકારી વકીલશ્રીના/પેનલ પરના વકીલના સતત પરામર્શમાં રહી ઉપસ્થિત રહેવા તેમજ કેસની મુદત વખતે નિયમિત હાજરી આપે અને સરકારી વકીલ/પેનલ ઉપરના વકીલ અને જવાબદાર અધિકારી વચ્ચે જરૂર જણાયે સમયાન્તરે બેઠકો યોજી કેસ અંગે સરકાર પક્ષની રજૂઆત યોગ્ય રાહે થાય તેની તકેદારી રાખવાની રહેશે અને સરકારશ્રીને સમયાંતરે માહિતીથી અવગત કરવાના રહેશે.

(૪) કેટલાક કેસોમાં એવું બનવા પામે છે કે નામ.હાઈકોર્ટ દ્વારા સરકારશ્રીને એફિડેવિટ -ઇન-રીપ્લાય કરવાની સૂચના આપવામાં આવે છે. ત્યારે સંબંધિત જીલ્લા કચેરી પાસેથી માહિતી મંગાવવાની રહે છે. આવા પ્રસંગે જીલ્લા કચેરી પાસેથી માહિતી મંગાવવામાં આવે ત્યારે કચેરીના જવાબદાર અધિકારીશ્રી એ માગેલ માહિતી તેના સંબંધિત દસ્તાવેજ/પેપર્સ સાથે વિના વિલંબે સરકારશ્રીને/વિભાગને મોકલવાની રહેશે.

(૫) નામદાર હાઈકોર્ટ/અન્ય કોઈ દ્વારા કેટલાક કેસોમાં કાર્યવાહી કરવા અર્થે સૂચિત સમય મર્યાદાનો ઉલ્લેખ કરવામાં આવે છે. આવા કિસ્સાઓ જે જીલ્લા કચેરીને સ્પર્શતા હોય તેના જવાબદાર અધિકારીએ નામદાર કોર્ટ દ્વારા સૂચિત કરેલ સમય મર્યાદામાં કાર્યવાહી થાય તેની પૂરતી કાળજી રાખવાની રહેશે.

(૬) કેટલાક કેસોમાં નામ.હાઈકોર્ટ દ્વારા વચગાળાના હુકમ કરવામાં આવતા હોય છે,આવા પ્રસંગે જો વચગાળાનાં હુકમ સામે અપીલ કરવાનું યોગ્ય જણાય તો જીલ્લા કચેરીના જવાબદાર અધિકારીએ તે પરત્વે નિર્ણય લઈ અપીલ કરવાની સમય મર્યાદામાં અપીલની કાર્યવાહી અચૂક પૂર્ણ થાય તે જોવાનું

રહેશે અને અપીલ કરવા યોગ્ય ન જણાતું હોય તો વચગાળાના હુકમની પૂર્તતા થાય તે પણ ખાસ જોવાનું રહેશે.

(૭) જે કેસોમાં નામ.હાઈકોર્ટ તેમજ નીચલી કોર્ટના ફાઈનલ હુકમ સામે અપીલ કરવાની રહેતી હોય તેવા પ્રસંગે જવાબદાર અધિકારીશ્રીએ અપીલની સમય મર્યાદામાં અપીલ થાય તે ખાસ જોવાનું રહેશે.

(૮) સરકારશ્રી કક્ષાએ કોઈ નીતિ વિષયક નિર્ણય લેવાનો થતો હોય તો વિગતવાર દરખાસ્ત સાથે સરકારશ્રીનું સત્વરે ધ્યાન દોરવા પણ સંબંધિત તમામને જણાવવામાં આવે છે.

ઉપરોકત સૂચનાઓનો ચુસ્તપણે અમલ થાય તે માટે આ સૂચનાઓ સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રી તેમજ તેમના તાબાની તમામ કચેરીઓના ધ્યાન પર મુકવામાં આવે તે અંગે જીલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિના અધ્યક્ષશ્રીઓ અને ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડના અધિકારીશ્રીઓએ કાર્યવાહી કરવી. ભવિષ્યમાં આવી કામગીરીમાં બેદરકારી કે ક્ષતિ થયાનું સરકારશ્રીના ધ્યાન પર આવશે અને તેના પરિણામે સરકારશ્રીનું સર્વગ્રાહી હિત જોખમાશે તો તેની જવાબદારી સંબંધિત અધિકારી/કર્મચારીની રહેશે.

સર્વે સંબંધિતોએ ઉપરોકત સૂચનાઓનું ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(આઈ.એમ.શેખ)
સંયુકત સચિવ
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

<u>નકલ રવાના:-</u>

- વિકાસ કમિશ્નરશ્રી ગુજરાત રાજય, ગાંધીનગર ( સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને પરિપત્રિત કરવા સારુ )
- સર્વે જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ અધ્યક્ષશ્રીઓ તરફ ......તેમના તાબા હેઠળની તમામ કચેરીઓને આ પરિપત્ર પરિપત્રિત કરવા સહિત.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, એલ.ડી. એન્જી. કોલેજ કંમ્પાઉન્ડ, નવરંગપુરા, અમદાવાદ તરફ જાણ તથા અમલવારી કરવા સારૂ.
- સચિવશ્રી, કાયદા વિભાગ સચિવાલય,ગાંધીનગર તરફ જાણ સારૂ.
- વિભાગની સર્વે શાખાઓ.
- કાયદા સલાહકારશ્રી (પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ) તરફ પ્રસ્તુત બાબતે સંબંધિત સરકારી વકીલશ્રીઓને અવગત કરવાની વિનંતી સાથે.
- સિલેક્ટ ફાઇલ / મદદનીશ સિલેક્ટ ફાઇલ